# ઈશ્વરીય ન્યાય

સનાતન ધર્મના તમામ ગ્રંથો ઈશ્વરીય અસ્તિત્વનાં વિવિધ પરિણામો અને પરિમાણો આપણી સમક્ષ રજૂ કરે છે. એના આધારે આપણે આપણા જીવનપથ પર આગળ વધીશું તો આપણે ઈશ્વરીય શક્તિને, કાર્યોને સમજી શકીશું એટલું જ નહીં, આપણી અંગત સમસ્યાઓ સંદર્ભે ઈશ્વરીય શકિતની અંગત અનુભૂતિ પણ થશે.

મહાભારતમાં એક પ્રસંગ છે. શિશુપાલ સતત કૃષ્ણને ભાંડતો રહ્યો, ગાળો દેતો રહ્યો, એનું અપમાન કરતો રહ્યો. કૃષ્ણ સ્વયં ભગવાન હોવા છતાં તેમણે શિશુપાલની આ હરકતો સો વાર સહન કરી લીધી. સોમી વાર કૃષ્ણે તેનો વધ કર્યો.

બીજા એક પ્રસંગને યાદ કરીએ તો યુદ્ધમાં દુર્યોધનને વિજયી બનાવવા ગાંધારીએ દુર્યોધનને નગ્ન અવસ્થામાં તેની પાસે આવવા જણાવ્યું હતું જેથી તેની તપોમય દૃષ્ટિથી, વત્સલભાવથી ભરેલી ભગવદ્ ગીતા જેવા મહન ગ્રંથમાં સમાવાયું. એટલું જ નહીં, યુદ્ધ દરમ્યાન સમયના એક તબક્કે તેમણે અર્જુનને સાથે લઈને રણભૂમિમાંથી રથને પણ દૂર લઈ ગયા હતા. તેમણે જાતે જ સ્વીકારી લીધું હતું કે ભલે લોકો મને 'રણછોડ' કહે અને આજે 'રણછોડ' કૃષ્ણનું એક નામ ભક્તોના મુખે ગૂંજવા લાગ્યું.

કહેવાનું તાત્પર્ય એ છે કે ભગવાન જેના પક્ષે હોય છે તેને કોઈ હરાવી શકતું નથી. ગાંધારીએ જે વ્યૂહદષ્ટિ અપનાવી તેને કૃષ્ણે દુર્યોધનને અનુચિત જણાવી નિષ્ફળ બનાવી અને પાંડવોના વિજયનો માર્ગ મોકળો કર્યો. હવે એક પ્રશ્ન એ પણ ઊઠે કે શું ગાંધારી પાસે એવી કોઈ શક્તિ હતી કે જેને પ્રતાપે અને પ્રભાવે પુત્રનું શરીર વજ્ર જેવું કઠણ બનાવી શકે? મારું ચિંતન એમ કહે છે કે ગાંધારીએ આંખે પાટા બાંધી એક સમજ તો વિકસાવી જ હતી. માતા તરીકે વત્સલ ભાવથી તે પુત્રને એક શક્તિ આપી તેના દેહને વજ્ર સમું બનાવી દે. ગાંધારીની



**એક પ્રશ્ન એ પણ ઊઠે કે શું ગાંધારી પાસે એવી કોઇ શક્તિ હતી કે જેને પ્રતાપે અને પ્રભાવે પુત્રનું શરીર વજ્ર જેવું કઠણ બનાવી શકે?**

નજર દુર્યોધન પર પડે. આથી તેનું સમગ્ર શરીર વજ્ર સમું બની જાય. કૃષ્ણને આ વાતની જાણ થઈ. આથી કૃષ્ણે દુર્યોધનના માર્ગમાં ઉપસ્થિત થઈને દુર્યોધનને નગ્ન અવસ્થામાં ગાંધારી પાસે જતાં રોક્યો. કૃષ્ણે દુર્યોધનને કહ્યું: ''તું કયાં જાય છે?'' દુર્યોધને કહ્યું, ''હું માતા ગાંધારીને મળવા જાઉં છું. તેમણે મને નગ્ન અવસ્થામાં બોલાવ્યો છે. કૃષ્ણે દુર્યોધનને કહ્યું : ''તારી વાત સાચી છે પણ માતા પાસે આમ આવી અવસ્થામાં જવું ઉચિત ન કહેવાય'' કૃષ્ણની ટકોરથી દુર્યોધન ફૂલની ચડ્ડી પહેરી માતા ગાંધારીને મળવા ગયો. પુત્રને ફૂલની ચડ્ડી પહેરીને આવેલો જોઈ માતા ગાંધારીને પણ ખ્યાલ આવી ગયો. કૃષ્ણની ચાલબાજી સમજાઇ ગઈ. છતાં દુર્યોધનને આશીર્વાદ આપી વિદાય કર્યો.

**માધવ મલ્હાર**
**તપન ત્રિવેદી**

કૃષ્ણ યુદ્ધમાં પાંડવોના સારથિ રહ્યા હતા પણ તેમણે કયારેય શસ્ત્ર ઉગામ્યું નથી. તેઓ સતત માર્ગદર્શન આપતા હતા. વ્યૂહરચના સમજાવતા હતા કારણકે તેમને કૌરવોની વ્યૂહરચના યુધ્ધની રણનીતિ તેમને સમજાતી હતી.

યુદ્ધના પ્રારંભમાં જ પોતાનાં સગાંસ્નેહીઓને રણમેદાનમાં જોયાં ત્યારે અર્જુન હતાશ થઈ ગયો. તેણે યુદ્ધ કરવાની ના કહી અને રથમાં બેસી પડયો. યુદ્ધ અનિવાર્ય જ હતું. કૃષ્ણે સામ, દામ, દંડ, ભેદની નીતિ અપનાની. અર્જુનને જે માર્ગદર્શન આપ્યું તે આ શકિતને જાણીને જ તો કૃષ્ણે દુર્યોધનને નગ્ન અવસ્થામાં મા પાસે જતાં રોક્યો. તેણે ફૂલની ચડ્ડી પહેરી અને તેના સાથળનો ભાગ જે શક્તિથી વંચિત રહ્યો તેના પ્રતાપે અને પ્રભાવે તેના સાથળ પર પ્રહાર કર્યો અને તે પરાભવ પામ્યો. ઈશ્વરનો દિવ્ય સાથ શક્તિ મેળવવા પાંડવો જેવું સત્યાચરણ હોવું જરૂરી છે. કારણ સત્ય જ ઈશ્વર છે. ઈશ્વર જ સત્ય છે. આથી સચ્ચાઈભરેલા માણસને જ ઈશ્વર સાથ આપે છે. રક્ષણ કરે છે. ઈશ્વર આપણને જીવનમાં સચ્ચાઈ સમજવાની આત્મસાત્ કરવાની સૂઝ, સમજ, શકિત આપે તેટલી માધવને પ્રાર્થના કરીએ.

ઘણી વાર આપણાં સગાં સ્નેહીઓ સમાજની ટીકાને કારણે પણ જીવનમાં ઘણી વિકટ સમસ્યાઓ સર્જાય છે પણ તેવા સમયમાં પણ આપણે ઈશ્વરની શરણાગતિ, સ્મરણ ન છોડીએ અને જે કોઈ ટીકા, નિંદા થાય છે તેને નિવેદન રૂપે ઈશ્વરના ચરણમાં ધરી દઈએ. ઈશ્વર એનો ન્યાય કરે જ છે, કરશે જ. શિશુપાલની સો ગાળ ભગવાને સાંભળી લીધી.

સોમી ગાળે તેનો વધ કર્યો. આપણો સચ્ચાઈ, નૈતિકતાભર્યો જીવન અભિગમ હોવા છતાં આપણી ટીકા, નિંદાથી હતાશ થયા વિના ઈશ્વર એનો જવાબ આપે જ, આપશે જ. શિશુપાલ વધનો પ્રસંગ આ હકીકત આપણને સુપેરે સમજાવે છે.

# ભગવાન વિષ્ણુને સમર્પિત 'પુરુષોત્તમ' માસ



ગયા અઠવાડિયે જણાવ્યા અનુસાર, જેઠ મહિનો હનુમાનજીની ઉપાસના માટે વિશેષ ફળદાયક છે. આ વખતે લોકભાષામાં 'અધિક' જેઠ છે, જે ધાર્મિક દ્રષ્ટિએ 'પુરુષોત્તમ' માસ કહેવાય છે જે ભગવાન વિષ્ણુને સમર્પિત છે. કેટલાક પ્રદેશોમાં જેઠ માસના 'મંગળવાર' 'બડા મંગળવાર' કહેવાય છે. આ મંગળવારે વિનાયક- અંગારકી ચોથ છે એટલે ગણેશજી, હનુમાનજી અને અધિક માસના ભગવાન પુરુષોત્તમ ત્રણેયના વિશેષ પૂજન અને કૃપાપ્રાપ્તિનો ભક્તો માટે મહામૂલો અવસર છે. હવે ખગોળવિદો, પંચાંગ ગણિતના વિદ્વાનો અને પંચાંગકર્તાઓના મતે લગભગ દર ત્રણ વર્ષે અધિક માસ આવે છે. કાળ ગણનાની દ્રષ્ટિએ તેની સાથે સૂક્ષ્મ ગણતરી સંકળાયેલી છે. ખગોળશાસ્ત્રની દ્રષ્ટિએ વર્ષના 12 માસ ચંદ્રમાસ સૂર્ય- ચંદ્રની ગતિ તથા સ્થિતિ અનુસાર નક્કી થાય છે. ગુજરાત-મહારાષ્ટ્રમાં સુદ એકમથી અમાસ સુધીનો ચંદ્ર માસ હોય છે. ઉત્તર ભારતના રાજ્યો અને રાજસ્થાનમાં વદ એકમથી સુદ પૂનમ સુધી ચંદ્ર માસ ગણાય છે. એક ચંદ્ર માસની મુદત સાડા ઓગણત્રીસ દિવસ જેટલી હોય છે. આવા બાર માસનું એક ચંદ્ર વર્ષ બને છે. જે અંદાજે 354 દિવસ થાય છે. સૂક્ષ્મ ગણતરી મુજબ ચંદ્ર વર્ષની સમય અવધિ 354 દિવસ 8 કલાક 48 મિનિટ જેટલી હોય છે, જ્યારે સૂર્યની આસપાસ પૃથ્વીના ભ્રમણ આધારિત સૌર વર્ષ 365 દિવસ 6 કલાક 9 મિનિટ જેટલું હોય છે એ દ્રષ્ટિએ સૌર વર્ષ કરતાં ચંદ્ર વર્ષ 10 દિવસ, 21 કલાક, 20 મિનિટ જેટલું નાનું હોય છે એટલે કે ચંદ્રવર્ષ આશરે ૧૧ દિવસ નાનું છે. આ તફાવત વર્ષાન્તે 11 દિવસ જયારે ત્રણ વર્ષે ૩૩ દિવસ જેટલો થઈ જાય છે. જો આ તફાવતને ધ્યાનમાં લેવામાં નહીં આવે તો આપણા વ્રત, તહેવારો, ઉત્સવો દર વર્ષે ૧૧ દિવસ પાછળ થતા જાય. અંગ્રેજી તારીખના સંદર્ભમાં દર વર્ષે ૧૧ દિવસ જેટલા વહેલા એ તહેવારો આવી જાય. આમ થવાથી વ્રત, ઉત્સવ, તહેવાર, પર્વ જે આપણા આર્ષ દ્રષ્ટા ઋષિમુનિઓએ ઋતુને અનુરૂપ તૈયાર કર્યા હતા તેની સાથે મેળ બેસે નહીં. હોળી, સંક્રાંત જેવા તહેવારો ચોમાસામાં આવી જાય.નવરાત્ર ઉનાળામાં આવી જાય. આવું ન થાય તે માટે પ્રાચીન ખગોળવિદો અને પંચાંગ

**ખ્રિસ્તી વર્ષ-અંગ્રેજી કેલેન્ડર સૌર વર્ષ કરતાં છ કલાક નાનું છે. આ છ કલાકનો તફાવત ચોથા વર્ષે 24 કલાકનો, એક દિવસનો થતો હોવાથી દર ચોથા વર્ષે લીપ યર 365 દિવસનું ગણી ફેબ્રુઆરી માસના 28 ને બદલે 29 દિવસ ગણતરીમાં લેવાય છે**

ગણિતના વિદ્વાનોએ ચંદ્ર વર્ષમાં એક વધારાનો અધિકમાસ ઉમેરવાની વ્યાવહારિક સમજ દાખવી આયોજન કર્યું. એક અધિક માસ પછી સરેરાશ ગણતરી મુજબ 32 મહિને બીજો અધિક માસ આવે. અંગ્રેજી વર્ષ 365 દિવસનું હોય છે જ્યારે સૌર વર્ષ 365 દિવસ, છ કલાક, નવ મિનિટનું હોય છે એટલે ખ્રિસ્તી વર્ષ-અંગ્રેજી કેલેન્ડર સૌર વર્ષ કરતાં છ કલાક નાનું છે. આ છ કલાકનો તફાવત ચોથા વર્ષે 24 કલાકનો, એક દિવસનો થતો હોવાથી દર ચોથા વર્ષે લીપ યર 365 દિવસનું ગણી ફેબ્રુઆરી માસના 28 ને બદલે 29 દિવસ ગણતરીમાં લેવાય છે. અધિકમાસ મોટેભાગે ચૈત્રથી આસો મહિના દરમિયાન જ આવી શકે. ફાગણ અધિક તો ભાગ્યે જ આવે એવું પંચાંગકર્તાઓનું અનુભવસિદ્ધ મંતવ્ય છે. એ માસમાં માત્ર ને માત્ર 'ભક્તિ' પર ભાર મૂક્યો છે અને વિવાહ, લગ્ન, વાસ્તુ જેવા સાંસારિક પ્રસંગોને બાકાત રાખ્યા છે.

**ધર્મ મર્મ**
**શ્રીજીવ વ્યાસ**

## અધિક માસમાં અનેક ધાર્મિક આયોજનો

અધિક-પુરુષોત્તમ માસને અનુલક્ષીને મંદિરો, આશ્રમો, સોસાયટીઓ, ધાર્મિક -સામાજિક સેવા સંસ્થાઓ દ્વારા પુરુષોત્તમ માસનો મહિમા સમજાવતી કથાનું, શ્રીમદ ભાગવત, શ્રી રામચરિત માનસ, ધાર્મિક સત્સંગ પ્રવચનો તેમ જ ભગવાન વિષ્ણુને તુલસી ચડાવવાનું, પુરુષોત્તમ સહસ્રનામ પાઠ, વિષ્ણુ સહસ્રનામ પાઠ વગેરેનું આયોજન કરવામાં આવે છે. પ્રાપ્ત માહિતી મુજબ જલારામ સત્સંગ મંડળ સુરત તરફથી અડાજણમાં જાણીતા બદ્રીનારાયણ મંદિરમાં શ્રી નવીનભાઈ શાસ્ત્રીજી દ્વારા શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું તા.25 થી 31 દરમિયાન દરરોજ બપોરે ત્રણ થી સાંજે સાત વાગ્યા સુધી આયોજન કરવામાં આવ્યું છે. તાપીપુરાણ પ્રસિદ્ધ કુરુક્ષેત્ર તીર્થ ખાતે શ્રી કુરુક્ષેત્ર સ્મશાન ભૂમિ ટ્રસ્ટના ઉપક્રમે આ વખતે આખા અધિક જેઠ મહિનામાં ભક્તિરસની ધારા વહાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત તા.17 મી થી તા 21 મે દરમિયાન રામમઢીના લોકપ્રિય સંત શ્રી મૂળદાસ બાપુ સવારે 9:30 થી 12:30 દરમિયાન 'રામ બનીને જીવી જવાની ઈશ્વરની વાત' અંતર્ગત તપસ્વી રાજારામ, દ્વારકાધીશના રાજારામ, રણુજાના રાજારામ, રાજશાહીના રાજારામ અને લોકશાહીના રાજારામ વિષય પર પ્રેરક વક્તવ્ય આપશે. તા.27 મેથી તા. 2 જૂન દરમિયાન કથાકાર શાસ્ત્રીજી શ્રી વિનોદભાઈ ભટ્ટ બપોરે 3 થી 6:30 દરમિયાન શ્રીમદ ભાગવતનું રસપાન કરાવશે. ત્રીજા અને અંતિમ ચરણમાં લોકપ્રિય કથાકાર શ્રી પ્રફુલભાઈ શુક્લ તા.7 થી તા.15 જૂન દરમિયાન સવારે 10:45 થી બપોરે 1:00 વાગ્યા સુધી રામચરિત માનસ ગાથાનું રસપાન કરાવશે. પૂજ્ય શ્રી મોટા સૂર્યોદય ઘાટ કુરુક્ષેત્ર ધામ ખાતે નિત્ય કથા તથા અધિકમાસમાં પતિત પાવની તાપીમાં તીર્થસ્નાન માટે વિશેષ સાત પર્વ દિવસો નીચે મુજબ છે. પુરુષોત્તમ માસના પ્રારંભે તા.17, ગુરુપુષ્યામૃત-અમૃત સિદ્ધિ યોગ તા.21, ગંગા દશહરા, તા.25, એકાદશી, તા.27, પૂર્ણિમા સ્નાન, તા.31 મે, તા.11 જૂન એકાદશી, તા.15 સોમવતી અમાસનું સ્નાન વિશેષ પુણ્યદાયી હોવાનું વિદ્વાનોનું મંતવ્ય છે. તા.4 થી તા.10 જૂન દરમિયાન શ્રી રામ મંદિર ટ્રસ્ટ ભટાર રોડ ખાતે દરરોજ સાંજે સાડા ચારથી આઠ દરમિયાન સંપૂર્ણ શ્રીમદ ભાગવત કથાનું આયોજન શ્રી લીલા વિશ્વંભરા દત્ત મંદિરના એસજીએસ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવ્યું છે. મૈસુરથી ખાસ પધારનાર શ્રી દત્ત વિજયાનંદ તીર્થ સ્વામીજી વિશિષ્ટ શૈલીમાં ભાગવતની ભક્તિ જ્ઞાનધારા તેમના શ્રીમુખેથી વહાવશે. 'ઈદં ન મમ'.